ESSAR
OIL

## PRESS COVERAGE:

**PUBLICATION NAME: NOBAT (GUJARATI DAILY)**
**CITY:** JAMNAGAR
**DATE:** 17-05-2018
**PAGE NO.** 09
**TOTAL SQ. CM.** 296
**TITLE:** *Launch of Nutrition Support Program- A Joint Initiative of Essar Oil and RNTCP Dwarka*

---

# ખંભાળીયા ટીબીના દર્દીઓને સંગ મુક્ત કરવા યોજાયો ન્યુટ્રીશન સપોર્ટ પ્રોગ્રામ

ખંભાળીયા તા.૧૬: વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ભારતમાંથી ટીબીને ૨૦૩૫ સુધીમાં નાબુદ કરવાનો લક્ષ્યાંક આપ્યો છે. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૫ સુધીમાં ટીબી નાબુદીનો લક્ષ્યાંક આપ્યો છે. સરકાર દ્વારા દરેક જિલ્લમાં બે તાલુકાઓને ટીબી મુક્ત કરવા માટે નક્કી કરવામાં આવ્યાં હતાં. જેમાં દેવભૂમિ દ્વારકામાં ભાણવડ અને કલ્યાણપુર તાલુકા સૌ પ્રથમ ટીબી મુક્ત કરવાની સૂચના આપી છે. જેના અનુસંધાને અલગ-અલગ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત આજે ખંભાળીયામાં આહિર સમાજવાડીમાં એસ્સાર ઓઈલ કંપની સીએસઆરના સહયોગથી જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબીના દર્દીઓના ન્યુટ્રીશન કીટ (ચોખા, મલ્ટીગ્રેન આટા, મુંગદાલ, ચીક પીસ ઓઈલ અને જેગ્રી) આપવા માટે ન્યુટ્રીશન સપોર્ટ પ્રોગ્રામ કલેક્ટર જે.આર. ડોડીયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.




દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અંદાજિત ૨૯૦ દર્દીઓને એક થી આઠ માસ માટે જરૂરી કીટ અંદાજિત રૂા.૯૯૫/ ની એસ્સાર ઓઈલ કંપનીના સીએસઆર દ્વારા આપવાનું નક્કી થયું છે. જેના માટે એસ્સાર ઓઈલ કંપની દ્વારા અંદાજે રૂા.૧૬ લાખ મળ્યાં છે.

આ તકે કલેક્ટર એસ્સાર ઓઈલ કંપનીનો આભાર માની જણાવ્યું કે આપણે જો પોલીયો મુક્ત ભારત બનાવી શક્યા હોઈએ તો ટીબી મુક્ત કેમ ન બનાવી શકીએ. સરકારના પ્રયત્નો, એનજીઓનો સહયોગ અને લોકોની જાગૃતિથી આ શક્ય જ છે. ન્યુટ્રીશન સપોર્ટ મળતા દર્દીઓ સમયસર દવા લેવા પ્રેરાશે તથા દવા વધુ અસરકારક નિવડશે. તેમણે તમામ ઉપસ્થિત ટીબીના દર્દીઓને આનો વધુમાં વધુ લાભ લઈ તેનો સદ્દઉપયોગ કરવા જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારાશ્રી રાવલે જણાવ્યું કે એજ પ્રભુ સેવા એવું શાસ્ત્રોમાં લખ્યું છે. ડોક્ટરે જ્યારે દર્દીની સંવેદના સમજશે ત્યારે જ સાચા અર્થમાં સેવા કરી શકશે. દદીઓ જ્યારે સારવાર લઈને પાછા જાય ત્યારે આશીર્વાદ આપતા જાય તેવી સારવાર કરવા જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ ધ યુનિયન, દિલ્હીના રીજયોનલ ડાયરેક્ટર ડો.જેમી તોન્સીંગે જણાવ્યું કે વિશ્વએ જે ટાર્ગેટ આપ્યો છે એનાથી પાંચ વર્ષ પહેલા આપણે ટીબીને નાબુદ કરીશું. ન્યુટ્રીશન દર્દી માટે બહુ સારી વસ્તુ છે. સરકારના આ કાર્યમાં એનજીઓનો સહકાર મળી રહે તો ટીબી નાબુદ કરવી અશક્ય નથી. સ્ટેટ ટીબી ટ્રેનીંગ સેન્ટર અમદાવાદના ડો.જીજ્ઞેશ પટેલે કહ્યું કે એપ્રિલ ૨૦૧૮ થી સરકારશ્રી દ્વારા ટીબીના દરેક દર્દીને રૂા.૫૦૦ લેખે જ્યાં સુધી દવા ચાલુ હોય ત્યાં સુધી આપવામાં આવે છે. ઘણા દર્દીઓને આ સહાયનો લાભ લીધો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દેવભૂમિ દ્વારકા જિલ્લાને ટીબીના દર્દીની તપાસ માટે સીબીનાટ વાન મળેલ હતી. જેમાં ફક્ત બે જ કલાકમાં ટીબી છે કે નહીં અને ગંભીર પ્રકારનો ટીબી છે કે નહીં તે સ્થળ પર જ નક્કી થઈ જાય છે. જેમાં જિલ્લામાં ટોટલ ૩૩ વ્યક્તિઓની તપાસ કરવામાં આવી અને તેમાં ૬ કેસો પોઝિટિવ મળ્યા છે અને આ ૬ પૈકી ૧ ગંભીર પ્રકારનો ટીબીનો દર્દી મળ્યો છે.

મહાનુભાવોના હસ્તે ટીબીના દર્દીઓને ન્યુટ્રીશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વીએચ એન્ડ વીએચ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વચ્છતા અંગેનું નાટક રજુ કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન તેમજ આભાર વિધિ જિલ્લા ક્ષય અધિકારી પીઠડીયાએ કરી હતી.

આ કાર્યક્રમમાં એસ્સાર ઓઈલમાંથી દિપક અરોરા, અવધેશ પાઠક, દિપેન્દ્રસીંગ પરીહાર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સીંગ, જનરલ હોસ્પિટલના સુપ્રીન્ટેન્ડન્ટ જોષી, આરોગ્ય વિભાગના કર્મચારીઓ તથા ટીબીના દર્દીઓ ઉપસ્થિત હતા.